ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૯૭
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૨૦/૭/૨૦૧૭

**//પરિપત્ર//**

વિષય:- નિગમના કર્મચારી-અધિકારીઓને નિગમની ગાંધીનગર ખાતે આવેલ વિજાણું વસાહતના રહેણાંક વિસ્તારમાં રહેણાંક પ્લોટની ફાળવણી માટેના વિતરણ દરના આધારની સ્પષ્ટતા બાબત.

સંદર્ભઃ- નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી-ઓએન્ડએમ-સીઆઇઆર-એચએન્ડએ-પીઓએલ-૬૫-૨૦૦૪-૨૩, તા.૨૮-૦૯-૨૦૦૪.

ગાંધીનગર વિજાણું વસાહત માટે ધ્યાનમાં લેવના થતાં વિકાસ દર બાબતે સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ ધ્વારા સમયાંતરે વિકાસ દર જારી કરવામાં આવેલ. સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ ધ્વારા વિકાસ દરના સ્થાને તા.૦૧-૦૪-૨૦૧૩ થી ગાંધીનગર શહેર ખાતે અલગ-અલગ હેતુ માટે ફાળવવાની થતી જમીન માટે સરકારશ્રી ધ્વારા જાહેર થતી જંત્રી કિંમતને ધ્યાને લઇ તેના દરનકકી કરવા સબબ કલેકટરશ્રી, ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને સમિતી ધ્વારા બજાર કિંમત નકકી કરવા બાબતની પ્રથા અમલમાં મુકવા સબબ તા.૧૮-૫-૨૦૧૩ના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંકઃ એલએનડી/૧૦૦૮/નોંધ - ૩૧૧૫(૩૩૧/એ) આર-૧ થી સૂચનાઓ જારી કરવામાં આવેલ છે.

સદર બાબતે યોજાયેલ બેઠક દરમ્યાન નિગમની એક વસાહતમાં સરકારશ્રી ધ્વારા જારી થતી કિંમત અને અન્ય વસાહતમાં વિતરણ દરને નિગમના અધિકારી-કર્મચારીશ્રીને રહેણાંકના હેતુસર પ્લોટ ફાળવતા સમયે આધાર કિંમત તરીકે ધ્યાનમાં લેવામાં આવે છે તે બાબત વિસંગતતા ઉદભવે છે. આથી, તમામ વસાહતો માટે એક જ આધાર દર અમલમાં મુકવા સબબ સૂચન મળ્યું હતું. વધુમાં રાજય સરકારશ્રી ધ્વારા અધિકારી-કર્મચારીશ્રીઓના પગાર દર બાબતે વર્ષ ૨૦૦૪ પછી ઘણાં ફેરફાર અમલમાં મુકવામાં આવેલ છે જેને અનુલક્ષીને પગાર ધોરણના સ્થાને નિગમની અન્ય જારી કરવામાં આવેલ નીતિ વિષયક સૂચનાઓને યથાવત રાખી નિગમના અધિકારી-કર્મચારીશ્રીઓના વર્ગને આધાર તરીકે ગણી જમીનની કિંમત નકકી કરવા સૂચન થયું હતું જે માટે નિગમની ૪૯૬ મી સભાના ઠરાવ ક્રમાંકઃ૫૫/પ્રિ-વિતરણ/૪૯૬/૨૦૧૭ થી નીચે મુજબના સુધારો આમેજ કરવા નીચે મુજબ નિર્ણય કરવામાં આવેલ છે.

આધાર દર

પરિશિષ્ટ-૧ ઉપર સામેલ કરેલ તા.૨૮-૦૯-૨૦૦૪ના નિગમના પરિપત્રના મુદ્દા નં. ૪ માં સુધારો કરી નીચે મુજબની વિગતો આમેજ કરવી.

"નિગમની તમામ વસાહતોમાં નિગમના અધિકારી-કર્મચારીશ્રીઓને રહેણાંકના હેતુ માટે પ્લોટ ફાળવતાં સમયે જમીનની કિંમત નકકી કરવા માટે સંબંધિત વસાહતના રહેણાંકના પ્રવર્તમાન દરની ૫૦ ટકા રકમને ફાળવણી કિંમત (આધાર દર) ગણવાની રહેશે."

જમીનની કિંમત

પરિશિષ્ટ-૧ ઉપર સામેલ કરેલ તા.૨૮-૦૯-૨૦૦૪ના નિગમના પરિપત્રના મુદ્દા નં. ૫ માં જણાવેલ મૂળ પગારના સ્થાને વર્ગના આધારે ધ્યાનમાં લેવાની થતી જમીનની કિંમત બાબતે સુધારો કરી નીચે મુજબની વિગતો આમેજ કરવી.

| ક્રમ | નિગમના અધિકારી-કર્મચારીઓશ્રીઓનો વર્ગ | જમીનની કિંમત |
|---|---|---|
| (૧) | ૪ | આધાર દરના ૫૦ ટકા |
| (૨) | ૩ | આધાર દરના ૭૫ ટકા |
| (૩) | ૧ અને ૨ | આધાર દરના ૧૦૦ ટકા |

સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)ને પાઠવવી.

સહી/-
(ડી. થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટ સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

નકલ જયભારત સહ રવાના:-

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું
મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર

પરિશિષ્ટ - (૬)

નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/
પીઓએલ/૬૫/૨૦૦૪/ ૨૩ .
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર.
તા. ૨૮ – ૦૯ – ૨૦૦૪.

પ રિ પ ત્ર.

વિષય:– નિગમના કર્મચારી–અધિકારીઓને નિગમની જુદી જુદી વસાહતોમાં રહેણાંકના પ્લોટ ફાળવવાની નીતિ બાબત.

:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:

નિગમના કર્મચારી–અધિકારીઓને જુદી જુદી વસાહતોમાં ભાડા ખરીદ પધ્ધતિથી રહેણાંકના પ્લોટ બાબતે ઔધોગિક એકમોના માલિકો અને કામદારોને ફાળવવામાં આવતાં પ્લોટની સ્કીમ મુજબ ફાળવવાનું નિગમે તા.૦૨–૦૪–૧૯૯૩ના પરિપત્રથી નકકી કર્યુ હતું. ત્યારબાદ અલગ અલગ તબકકે કર્મચારી–અધિકારીઓને રહેણાંક પ્લોટ ફાળવવા અંગે નીતિ વિષયક નિર્ણય મળવા નિગમ સમક્ષ દરખાસ્ત થયેલી. છેલ્લે નિગમની તા.૧૯–૦૭–૨૦૦૩ના રોજ મળેલ ૪૧૨મી સભા સમક્ષ નિગમના કર્મચારી–અધિકારીઓને ભાડા ખરીદ પધ્ધતિથી રહેણાંકના પ્લોટની ફાળવણીની નીતિમાં ફેર વિચારણા કરી સરકારશ્રીના નિયમોનુસાર રાહત અને ફાળવણીની બાબતને સુસંગત નીતિ નકકી કરવા સુચન થયેલું. તેના અનુસંધાને નિગમની તા.૦૫–૦૮–૨૦૦૪ના રોજ મળેલ ૪૧૭મી સભા સમક્ષ રજુ થયેલી દરખાસ્તના અનુસંધાને નિગમે કરેલા નિર્ણય મુજબ સરકારશ્રીના ગાંધીનગર ખાતે બીનબદલીપાત્ર કર્મચારીઓ/અધિકારીઓના વિના હરાજીએ રાહત દરે ફાળવવામાં આવતાં રહેણાંક પ્લોટ અંગેની નીતિ તથા સરકારી ./ પંચાયત સેવાના બદલીપાત્ર કર્મચારી/અધિકારીઓને વિના હરાજીએ રાહત દરે જીલ્લામાં ફાળવવામાં આવતી જમીન અંગેની નીતિની તેમજ વખતો વખત તેમાં થતાં સુધારા સહિતની વિગતો ધ્યાને લઈ કરેલા નિર્ણય અનુસાર નિગમના કર્મચારીઓ / અધિકારીઓને વિના હરાજીએ રાહત દરે રહેણાંક પ્લોટની ફાળવણી માટે નીચે મુજબની નીતિ અમલમાં આવશે.

(૧) જે કર્મચારી/અધિકારીઓએ નિગમમાં સળંગ પાંચ વર્ષની નોકરી પૂરી કરી હોય તેઓ જે સ્થળે નોકરી કરતા હોય તે સ્થળે જ રહેણાંક પ્લોટ મેળવવાને પાત્ર ગણાશે.

(૨) માંગણીદાર કર્મચારી/અધિકારી અરજીની તારીખે તેમજ જમીનનો કબજો મળે તે તારીખે માંગણીવાળા સ્થળથી ૦૮ કિલો મીટરના વિસ્તારની ત્રિજયામાં પોતાના નામે અથવા પતિ/પત્નીના નામે કે આશ્રિતના નામે જમીન/મકાન/ફલેટ ધરાવતાં હોવા જોઈએ નહી.

(૩) ફાળવવામાં આવતાં પ્લોટનું ક્ષેત્રફળ નકકી કરવા માટે અરજીની તારીખનો મૂળ પગાર ધ્યાનમાં લેવાનો રહેશે.

(૪) જમીનની કિંમત નકકી કરવા માટે ગાંધીનગર મુકામે જમીન ફાળવવા માટે સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવતાં વિકાસ દરને ધ્યાનમાં લેવાનો રહેશે. અને અન્યત્ર ફાળવવામાં આવતી જમીનો માટે સબંધિત વસાહતના રહેણાંકના પ્રવર્તમાન દરની ૫૦ ટકા રકમને કર્મચારી/અધિકારીઓના કિસ્સામાં ફાળવણી કિંમત ગણવાની રહેશે.

(૫) જુદા જુદા ક્ષેત્રફળના રહેણાંક માટેના રાહત દરના પ્લોટ ફાળવવા અંગેની પાત્રતા.........

| ક્રમ. | મૂળ પગાર | પ્લોટનું ક્ષેત્રફળ (ચો.મી.) | જમીનની કિંમત. |
|---|---|---|---|
| (૧) | રૂા.૯૮૯૯ સુધી | ૯૦ | ઉપરોકત (૪) ની કિંમતના ૫૦% |
| (૨) | રૂા.૯૯૦૦ થી રૂા.૧૩૧૯૯ | ૧૩૫ | ઉપરોકત (૪) ની કિંમતના ૭૫% |
| (૩) | રૂા.૧૩૨૦૦ થી રૂા.૧૪૮૯૯. | ૨૦૦ | ઉપરોકત (૪) ની કિંમતના ૧૦૦% |

રૂા.૯૮૯૯/—નો મૂળ પગાર મેળવતાં જે અધિકારી વર્ગ—૧ ના ન હોય તેઓ માંગણી કરે તો ૯૦ ચો.મી.ના બદલે ૧૩૫ ચો.મી.નો ઉપરોકત (૪) ની કિંમતના ૭૫% કિંમતે ફાળવવાનો રહેશે.

પતિ અને પત્ની બંને નિગમના કર્મચારી હોય અને બંને પ્લોટ મેળવવા પાત્ર થતાં હોય તો પતિ અને પત્નીની સંયુકત આવક ગણીને તે આવકને અનુરૂપ ઉપર મુજબનો પ્લોટ ફાળવવામાં આવશે. તેમા વધુમાં વધુ ૨૦૦ ચો.મી.નો પ્લોટ ફાળવવામાં આવશે અને તેની કિંમત ઉપર દર્શાવ્યા પ્રમાણે લેવામાં આવશે.

(૬) કર્મચારી/અધિકારી તેઓની નોકરીના સમગ્ર સમયગાળા દરમ્યાન એકજ વખત આ યોજના હેઠળ રહેણાંક પ્લોટ અથવા જમીન મેળવી શકશે. અગાઉની કોઈપણ યોજનામાં પ્લોટ કે જમીન મેળવી હોય તેવા કર્મચારી અધિકારીને આવી ફાળવેલ જમીન કે પ્લોટ અન્યને વેચી દીધેલ હોય તેવા બધા જ કિસ્સાઓમાં સબંધિત કર્મચારી—અધિકારીઓ આ યોજના હેઠળ ફરીથી જમીન કે પ્લોટ મેળવવા પાત્ર ગણાશે નહી.

(૭) કર્મચારી—અધિકારીને ફાળવેલ રહેણાંક પ્લોટોના વિકલ્પે અન્ય સ્થળે પ્લોટની ફાળવણી, અદલા બદલી કરી આપવાની રજુઆત ગ્રાહય રાખવા પાત્ર રહેશે નહી.

(૮) ફાળવવામાં આવેલ પ્લોટનો માત્ર રહેણાંકના હેતુસર ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.